### ઉદ્યોગો દ્વારા છોડાતાં પ્રદૂષિત પાણી અંગે

# અંકલેશ્વર તાલુકાના ખેડૂતો દ્વારા લાગતાવળગતા વિભાગોમાં અનેકવાર રજૂઆતો કરાઈ, પરંતુ પરિણામ શૂન્ય

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર,તા.૧૭

અંકલેશ્વર તાલુકા કો.ઓ. પરચેઝ એન્ડ સેલ યુનિયનની મેનેજીંગ કમિટી દ્વારા તા.૨૯.૧ના ઠરાવ કરીને પાનોલી જી.આઈ.ડી.સી. દ્વારા છોડવામાં આવતા પ્રદૂષિત પાણી અંગેથી નુકશાન અંગે વખતો વખત લાગતા વળગતા અધિકારી તથા મુખ્યમંત્રી અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સુધી રજૂઆતો કરાઈ હતી.

જેમાં ખાસ કરીને પાનોલી જી.આઈ.ડી.સી.માંથી પ્રદૂષિત પાણી સંજાલી, ઉમરવાડા સીમમાંથી પસાર થતી વનખાડીમાં કાયમી ધોરણે છોડવામાં આવે છે. જે ઉમરવાડા, ચાલુજ પીલુદ્રા, પારડી ઈદ્રીશ, કડોદરા, કુડાદરો, રોહીદ, વાલનેર વગેરે ગામોમાંથી પસાર થાય છે જેના લીધે ખેડૂતોના ખેતી પાકને મોટાપાયે નુકસાન થઈ રહયુ છે. તેમજ ખાડીની આજુબાજુની જમીન પણ બગડી જતી હોય છે. ઉપરાંત આ પાણી પીવાથી પશુઓને બીમારી થાય તો ઘણીવખત મોત પણ થાય છે અને ગંદા પાણીથી આ વિસ્તારના રહીશોને પણ ચામડી જન્ય રોગો થતા હોય છે. તેમજ તેમના આરોગ્યને પણ નુકસાન થાય છે. તેમજ આ વિસતારના ગામોના તળાવના પાણી, કૂવાના પાણી તેમજ બોરના પાણીને પણ અસર થવા પામી છે. જેથી પાણી પીવાના પ્રશ્ન ઉભો થયો છે. જેથી આ વિસ્તારમાં માનવ વસતી, ખેતી તેમજ પશુ ધનને બચાવવા માટે વહેલામાં વહેલી તકે આ પ્રદૂષિત પાણી જે જગ્યાએથી છોડવામાં આવે છે ત્યાં જેસીબીથી આડ બંધ બાંધી ગંદુ પાણી અટકાવવા માટે વખતો વખત લાગતા વળગતા અધિકારીએને ફરિયાદ કરાઈ છે છતાં પણ કોઈ જ ધ્યાન આપવામાં આવ્યું નથી તેવી અરજી કરાઈ હોવાની માહીતી ખેડૂત સમાજ દ્વારા પત્રકારોને અપાઈ હતી.

### પાલેજની ૧૦૮ સેવાના કર્મીને બિરદાવ્યા

# જેની નાડીના ધબકારા શૂન્ય થયા હતા, તે વિજય સાજો થતાં દોડી આવ્યો

(સંવાદદાતા દ્વારા)

પાલેજ, તા.૧૭

વલણ-પાલેજ માર્ગ ઉપર ચાલુ બાઈકે એક ઈસમ બેભાન થઈ પડી ગયો હતો. જીવન-મરણ વચ્ચે જોલા ખાતા આ યુવાનને ૧૦૮ દ્વારા નવું જીવન અર્પણ કરાતા પાલેજ સ્ટાફનો આભાર માની ૧૦૮ની સેવાને બિરદાવી હતી.

બનાવની પ્રાપ્ત માહિતી અનુસાર તા-૩૦/૧૨/૦૯ના રોજ સાંજે વિજય મણીલાલ મિસ્ત્રી મોટરસાઈકલ લઈ વલણથી પાલેજ આવવા નિકળ્યા હતા. દરમ્યાન બ્લડ પ્રેશર સદંતર ઓછુ થઈ જતાં ચાલુ બાઈકે બેભાન થઈ ગબડી પડયો હતો. માર્ગ ઉપરના વાહન ચાલકો દ્વારા ૧૦૮ને ફોન કરવામાં આવતા પાલેજ ૧૦૮ના પાયલોટ ઈમ્તીયાજ દુધવાલા તેમજ ઈ.એમ.ટી. દિપીકાબેન દ્વારા ઘટના સ્થળે દોડી જઈ તાત્કાલિક સારવાર શરૂ કરાતા ૩૨ વર્ષીય યુવાનના શરીરના જરૂરી પલ્સ શુધ્ધા નોંધાવા પામતા ન હતા. જેથી દિપીકાબેન દ્વારા સતત પાલેજથી ભરૂચ સુધી ભારે જહેમત ઉઠાવી પલ્સની રીકવરી મેળવી ઉપરાંત પ્રેશર કંટ્રોલ કરી લેવામાં આવતા યુવાનનો જીવ બચી જવા પામ્યો હતો.

પોતાને મળેલા નવા જીવન માટે વિજય મીસ્ત્રીએ મંગળવારે પાલેજ ૧૦૮ની મુલાકાત લઈ હૃદયપૂર્વક આભાર માન્યો હતો! ઉલ્લેખનીય છે કે પાલેજ ૧૦૮ દ્વારા એક વરસના સમયગાળામાં ૨૦૦૦ જેટલા લોકોને સારવાર આપવામાં આવી છે.

### પંચમહાલ એલ.સી.બી. અને વેજલપુર પોલીસનું સંયુક્ત ઓપરેશન

# ગોધરા તાલુકાના ધનોલ નજીક બોલેરો ગાડીમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

### કુખ્યાત બુટલેગર મહેશ પટેલની મુદ્દામાલ સાથે ધરપકડ

ગોધરા, તા.૧૭

પંચમહાલ પોલીસ એલસીબી શાખાનાં પોસઈ તથા વેજલપુર પોલીસ મથકનાં પોસઈએ બાતમીના આધારે સાવલીથી બોલેરો ગાડીમાં લવાતો રૂપિયા બે લાખ પંદર હજારની કિંમતનો દારૂનો જથ્થો ઝડપી પાડયો છે.

પંચમહાલ પોલીસના એલસીબી શાખાનાં પોસઈ મહેશ સોલંકીને બાતમી મળી હતી કે ગોધરા શહેરના આનંદનગરમાં રહેતો અને મૂળ જીતપુરાનો વતની અને એક સમયનો શિક્ષક મહેશ ભાઈલાલ પટેલ નંબર પ્લેટ વગરની બોલેરો કારમાં મોટો દારૂનો જથ્થો સાવલીથી લઈ વિંઝોલ ગામનાં દિનેશ લક્ષ્મણસિંહ ચૌહાણ અને રમેશ ઉર્ફે બકો આમલસિંહને ત્યાં પહોંચાડવાં નીકળ્યો છે. આથી પોસઈ એમ.આર.સોલંકી પોતે સ્ટાફનાં માણસો સાથે વેજલપુર પોલીસ સ્ટેશને પહોંચી ગયા હતાં. પોલીસ અધિક્ષક જે.આર.મોથલીઆની સૂચના અને માર્ગદર્શન હેઠળ વેજલપુરનાં પોસઈ આઈ.જી.વસાવા તથા સ્ટાફનાં માણસો સાથે રાખીને વેજલપુર નજીકનાં દાદાની ધનોલ ગામે પહોંચી જઈ વોચમાં ઉભા રહ્યા હતાં. આવતાં-જતાં વાહનોની તપાસ કરતાં હતાં. રાત્રીનાં દસેક વાગ્યાના સુમારે એક નંબર પ્લેટ વગરની બોલેરો પૂરઝડપે આવતાં પોલીસે તે ઉભી રખાવી જોતાં તેમાં બેઠેલા કુખ્યાત બુટલેગર મહેશભાઈ લાલ ભાઈ પટેલને ઓળખી ગઈ હતી. પોલીસે તેની બોલેરો કારમાં તપાસ કરતાં ઈંગ્લીશ દારૂનાં ક્વાટરીયા ભરેલી ૧૮૦ મી.લી. ક્વાટરીયાવાળી ૫૪ પેટીઓ રૂા.૧૨૯૬૦૦/-ની કિંમતવાળા, ૭૫૦ મી.લી.ની બોટલો ભરેલી ૩૩ પેટીઓ રૂા.૭૯૨૦૦/-ની કિંમતવાળા તથા છૂટાછવાયા પડેલા ૧૨૦ ક્વાટરીયા રૂા.૬૦૦૦/-ની કિંમતના મળી કુલ રૂા.૨૧૪૮૦૦/-નો દારૂનો જથ્થો વગરપાસ પરમીટનો મળી આવતાં પોલીસે દારૂનો જથ્થો તથા ત્રણ લાખની બોલેરો મળી રૂા.૫૧૪૮૦૦/-નો મુદ્દામાલ મળેલો. વેજલપુર પોલીસ મથકે લઈ આવી મહેશ ભાઈલાલ પટેલ વિરૂદ્ધ તથા જયાં દારૂ પહોંચાડવાનો હતો અને જે શખ્સો લેવાના હતા તે દિનેશ લક્ષ્મણ ચૌહાણ અને રમેશ ઉર્ફે બકો આમલસિંહની વિરૂદ્ધ પ્રોહીબીશન એકટ મુજબ ગુનો દાખલ કરી વધુ તપાસ તથા પૂછપરછ હાથ ધરી છે.

### ગુજરાત ટુડેના અહેવાલનો પડઘો

# વિદેશ મોકલવાના બહાને બેરોજગાર યુવાનો સાથે ઠગાઈ પ્રકરણમાં સંચાલિકા સકંજામાં

(સંવાદદાતા દ્વારા)

ભરૂચ, તા.૧૭

ભરૂચમાં વર્લ્ડ ટૂર ટ્રાવેલ્સના નામે ૬૦ ઉપરાંત બેરોજગાર યુવાનોને વિદેશ મોકલવાના બહાને કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવવાના કૌભાંડમાં પોલીસે હરકતમાં આવી કૌભાંડના માસ્ટર માઈન્ડ ઈબ્રાહીમ લોટીયાના પત્ની અને ભાગીદાર નૂરજહાં ઈબ્રાહીમ લોટીયાની ધરપકડ કરી હતી.

પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર વર્લ્ડ ટૂર ટ્રાવેલ્સના સંચાલકો ઈબ્રાહીમ મોહંમદ લોટીયા, નૂરજહાં ઈબ્રાહીમ લોટીયા (બન્ને રહે. બી/૩૭ આબાદ નગર, મનુબર રોડ ભરૂચ) તથા અક્ષય ઠક્કર (રહે. ૧૦૫૮- નારાયણ એવન્યુ, ઝાડેશ્વર ભરૂચ) વિરૂદ્ધ જૈબુન્નીશા યાકુબ પૂછડીયા (રહે. ભરૂચ)એ વિદેશ મોકલવાના બહાના હેઠળ રૂા.૫ લાખની છેતરપિંડી કરી હોવા અંગે ભરૂચ શહેર બી-ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા ઈપીકો ૪૬૭, ૪૬૮, ૪૨૦ તથા ૧૨૪ અન્વયે ગુનો નોંધાયો હતો.

જયારે બીજી તરફ વર્લ્ડ ટૂર ટ્રાવેલ્સની છેતરપિંડીનો ભોગ બનેલા યુવકોએ રાજયવ્યાપી ભરૂચ, સુરત, નવસારી, વડોદરા સહિત જિલ્લાઓમાં ફરિયાદો નોંધાવી હતી. જો કે ઈબ્રાહીમ લોટીયા આજદિન સુધી ઝડપાયો નથી જયારે વર્લ્ડ ટૂર ટ્રાવેલ્સના અન્ય બે ભાગીદારો નૂરજહાં ઈબ્રાહીમ લોટીયા તથા અક્ષય ઠક્કર ખુલ્લેઆમ ફરતા હોવા છતાં પોલીસ તેમની ધરપકડ કરી શકી ન હતી. એક તરફ પોતાના બાપ-દાદાની જાગીર સમી જમીનો અને ઘરેણા વેચી ઉજ્જવળ ભવિષ્યની આશામાં સર્વસ્વ લૂંટાવી ન્યાય માટે ભટકતા યુવાનોની વિપદા ગુજરાત ટુડે દૈનિકમાં સઘળી વિગતો સાથે પ્રસિદ્ધ થતા પોલીસતંત્ર હરકતમાં આવ્યું હતું. આજરોજ બી-ડિવિઝન પોલીસે નૂરજહાં ઈબ્રાહીમ લોટીયાની ધરપકડ કરી તેણીના પાંચ દિવસના રિમાન્ડની માંગણી સાથે કોર્ટમાં રજૂ કરતા કોર્ટે રિમાન્ડ નામંજૂર કરી જયુડિશિયલ કસ્ટડીનો હુકમ કર્યો હતો. આ અંગે વધુ તપાસ પી.એસ.આઈ. શર્મા ચલાવી રહયા છે.

### વર્લ્ડ ટૂર ટ્રાવેલ્સના કૌભાંડમાં

## અગત્યની ભૂમિકા અદા કરનાર અક્ષય ઠક્કર નાસી છુટ્યો

ભરૂચ, તા.૧૭

વર્લ્ડ ટૂર ટ્રાવેલ્સના કબૂતરબાજી કૌભાંડમાં સૌથી અગત્યની ભૂમિકા અદા કરનાર અક્ષય ઠક્કર ઉર્ફે કાકા ગઈકાલ સુધી પોલીસ મારૂ શું ઉખાડી લેવાની છે. તેમ કહી મૂંછ ઉપર લીંબુ લઈ ફરતો હતો. જો કે પોલીસ તંત્ર હરકતમાં આવ્યા બાદ કૌભાંડકારી અક્ષય ઠક્કર ઉર્ફે કાકા ફરાર થઈ ગયો છે. અત્રે નોંધનીય છે કે, વિદેશ મોકલવાના બહાને છેતરપિંડી કરવાના વર્લ્ડ ટૂર ટ્રાવેલ્સના કરોડો રૂપિયાના કૌભાંડમાં મુખ્ય ભૂમિકા અક્ષય ઠક્કરની જ લોકો માને છે. ઈબ્રાહીમ લોટીયા અને નૂરજહાં લોટીયા તો માત્ર પ્યાદા જ છે. બોગસ વિઝા અને દસ્તાવેજો અક્ષય ઠક્કર ઉર્ફે કાકા જ બનાવતો હોવાનું છેતરપિંડીનો ભોગ બનેલા યુવાનોનું માનવું છે.

### પોલીસતંત્ર અસરકારક પગલાં ભરે

# પ્રાંતિજની બેંકો બહાર ‘સમડી ગેંગ’ સક્રિય

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે બેંકોમાંથી નાણાં લઈને નિકળતા ગ્રાહકોને નિશાન બનાવતી ‘સમડી ગેંગ’ સક્રિય બની છે. સમયાંતરે આવા બનાવો બનતા હોવા છતાં તેને રોકવા પોલીસતંત્ર દ્વારા કોઈ અસરકારક કામગીરી કરાતી નથી.

પ્રાંતિજ ખાતે આવેલી રાષ્ટ્રીયકૃત બેંકોમાંથી નાણાં ઉપાડી નિકળતા ગ્રાહકોની નજર ચૂકવીને કે ચીલઝડપ કરીને નાણાં આંચકી જવાના બનાવો વધી રહયા છે. હજુ ચારેક દિ’ પહેલા સ્ટેટ બેંકમાંથી નાણાં લઈને નિકળેલ ગ્રામ્ય શખ્સના હાથમાંથી સાતેક હજારની રકમ બાઈકસવાર આંચકી ગયો હતો ત્યાં ગઈ કાલે એક વેપારી દેના ગ્રામિણ બેંકમાંથી નાણાં લઈને નિકળ્યા ત્યાં શંકાસ્પદ બાઈક સવારોએ પીછો કર્યો હતો. જો કે તેમની સતર્કતાને લઈ લૂંટાતા બચી ગયા હતા.

આવા બનાવોને પગલે બેંક ગ્રાહકો ભારે અસલામતી અનુભવી રહયા છે. ત્યારે પોલીસતંત્ર સ્પેશ્યલ વોચ ગોઠવી આવા તત્વોને ઝડપી લેવા આયોજન કરે તેવી વેપારીઆલમની લાગણી અને માગણી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે, બેંકમાંથી નાણાં લઈને નિકળેલ શખ્સોની મોટી રકમ આંચકી જનાર કોઈ ગુનેગારો આજ સુધી કેમ પકડાયા નથી ? તે પ્રશ્ન આજે પણ અનુત્તર છે.

# ટંકારીયા ગામના ગુમ થયેલ બે યુવાનોની લાશ મળતા ચકચાર

ભરૂચ, તા.૧૭

ભરૂચ તાલુકાના ટંકારીયા ગામે બે દિવસથી ગુમ યુવાનોના આજરોજ મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. નહેરમાંથી મળી આવેલા મૃતદેહોનાં પગલે યુવાનો ન્હાવા જતાં ડૂબી ગયા હોવાનો કયાસ લગાવાઈ રહ્યો છે.

પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર ભરૂચ તાલુકાના ટંકારીઆ ગામ ખાતે કાઝી સ્ટ્રીટ નાના પાદરમાં રહેતા ઝુબેર અમીન કાઝી (ઉ.વ.૩૫) દશુ આમીર બાબુ (ઉ.વ.૧૬)નામના યુવાનો છેલ્લા બે દિવસથી ભેદી સંજોગોમાં ગુમ થઈ જતા પરિવારજનો ચિંતાતુર બન્યા હતાં. નોંધનીય છે કે આ પૈકી ઝુબેર કાઝી પરિણીત છે અને તેઓ બ્લીચિંગ પાવડરનું વેચાણ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. જયારે આમીર બાબુ દશુ (ઉ.વ.૧૬) હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો. બે દિવસ અગાઉ આ બન્ને યુવાનો અચાનક ગુમ થઈ જતાં પરિવારજનો મુશ્કેલીમાં મૂકાઈ જવા પામ્યા હતાં. છેલ્લા બે દિવસથી બન્ને યુવાનોને શોધવા પરિવારજનો આકાશ-પાતાળ એક કરી રહ્યા હતા ત્યારે આજરોજ મધ્યાહન કાળે ટંકારીઆ ગામ નજીકથી પસાર થતી નર્મદા નહેરમાંથી ઝુબેર કાઝી અને આમીર દશુ નામોના મૃતદેહ કેટલાક વટેમાર્ગુઓએ જોતાં તેઓએ ગ્રામજનોને જાણ કરતા લોકોનાં ટોળે-ટોળાં ઘટના સ્થળે ધસી આવ્યા હતાં. આ અંગે પાલેજ પોલીસ મથકે જાણ કરાતા પાલેજ પોલીસ મથકના પી.એસ.આઈ. બવેજીયા સહિતનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે બન્ને યુવાનોના મૃતદેહના પોસ્ટમાર્ટમ કરાવી મૃત્યુના કારણ અંગે તપાસ કરવા ચક્રો ગતિમાન કરાયા હતાં. જો કે પ્રાથમિક તારણમાં બન્ને યુવાનો નહેરમાં ન્હાવા જતાં પગ લપસી જતાં ડૂબી જવાના કારણે બન્નેનાં મોત નિપજયા હોવાનું તારણ કાઢવામાં આવ્યું છે.

# ગોધરાની પરિણીતાને સંતાન મામલે દબાણ કરી ત્રાસ!

ગોધરા, તા.૧૭

વડોદરા શહેરની એક આશાસ્પદ યુવતીનાં લગ્ન ગોધરા ખાતે રહેતા યુવાન સાથે થયા હતાં. સંતાન પ્રાપ્તી માટે ભાઈ સાથે શરીર સંબંધ રાખવા બળજબરી કરી મારઝૂડ કરી ત્રાસ આપી રૂપિયા પાંચ લાખની દહેજ પેટે માંગણી કરી હોવાની ફરિયાદ ગોધરાનાં બી ડીવીઝન પોલીસ મથકે નોંધાવી છે.

વડોદરા શહેરનાં છાણીજકાતનાકા પાસેની રામનગર સોસાયટીમાં રહેતી વીસ વર્ષની યુવતી સ્મિતાબેનનાં લગ્ન થોડા સમય પૂર્વે ગોધરા શહેરની સેન્ટ આર્નોલ્ડ સ્કૂલ પાસે આવેલી સચ્ચીદાનંદ સોસાયટીમાં રહેતાં નોયલ પ્રતાપભાઈ મેકવાન સાથે થયા હતાં. બન્નેનાં લગ્ન સંસાર થોડા સમય સુખરૂપ ચાલવા છતાંય સ્મિતાબેનની કુખે સંતાન નહીં થતાં તેનો પતિ નોયલ મેકવાન તથા તેના ઘરનાં સુષ્માબેન, પ્રતાપભાઈ, મણીબેન, સ્મિતેષ તથા વિલીયમ મેકવાન વગેરે અવાર-નવાર મહેણાંટોણાં મારી શારીરિક માનસિક ત્રાસ આપતા હતાં. વધુમાં પોલીસ ફરિયાદમાં જણાવ્યા અનુસાર થોડા સમય અગાઉ સ્મિતાબેનને તેના પતિ નોયલે મારે તને રાખવી નથી. મારાથી સંતાન નહીં થાય તું મારાભાઈ સાથે શરીર સંબંધ રાખવો પડશે તેમ જણાવતાં સ્મિતાબેન હબકી ખાઈ ગઈ હતી. તેનો ઈનકાર કરતા પતિ નોયલ મેકવાને તારા બાપના ઘરેથી પાંચ લાખ દહેજ પેટે લાવ પછી જ મારા ઘરે રહેજે તેમ જણાવી ઘરમાંથી કાઢી મૂકી હતી. આ મતલબની ફરિયાદ સ્મિતાબેને ગોધરાનાં બી ડિવિઝન પોલીસ મથકે આપતાં પોલીસે ગુનો દાખલ કરી ધરપકડનાં ચક્રો ગતિમાન કર્યા છે.

### આણંદમાંથી ઝડપાયેલ હિઝબુલ ઉગ્રવાદીના

# સ્થાનિક સંપર્કો શોધવા ત્રણ દિવસથી ગુપ્ત રાહે તપાસ ચલાવતી એટીએસ-એસઓજી

(સંવાદદાતા દ્વારા)

આણંદ,તા.૧૭

આણંદમાંથી શનિવારે રાત્રે હિઝબુલ મુજાહીદ્દીન સંગઠન સાથે સંકળાયેલા ઉગ્રવાદી બશીર અહેમદબાબા ઉર્ફે એઝાઝની એટીએસ પોલીસે ધરપકડ કર્યા બાદ બશીર અહેમદ અને ગુલામ રસૂલ અવારનવાર આણંદની મુલાકાત લેતા હોવાનું ખુલ્યા બાદ ઉગ્રવાદીઓના સંપર્કો શોધવા માટે છેલ્લા ત્રણ દિવસથી એટીએસ અને સ્થાનિક એસઓજીના અધિકારીઓ આણંદ શહેરમાં ગુપ્ત તપાસ ચલાવી રહયા છે.

મળતી વિગતો અનુસાર શનિવારે રાત્રે એટીએસ પોલીસે હિઝબુલ મુજાહીદ્દીન સંગઠન સાથે સંકળાયેલા ઉગ્રવાદી બશીર અહેમદ બાબાને સામરખા ચોકડી પાસેથી ઝડપી પાડયા બાદ તેની પૂછપરછ કરતા કરઝારનો ઉગ્રવાદી ગુલામરસૂલ પણ અવારનવાર આણંદની મુલાકાત લેતો હોવાનું ખુલ્યું હતું.

એટીએસની પૂછપરછમાં બશીર અહેમદે જણાવ્યું હતું કે ગત ઓગસ્ટમાં કાશ્મીરનો એક પત્રકાર પણ આણંદમાં આવ્યો હતો અને ગાંધીનગરના પત્રકાર તરીકે ઓળખ આપી તે અહીંયા રોકાયો હતો. પોલીસ તપાસમાં કાશ્મીરી ઉગ્રવાદીઓને એક ગેરેજવાળો શખ્સ આશ્રય આપતો હોવાનું ખુલ્યું હતું. ત્યારે આ ગેરેજવાળો શખ્સ કોણ છે. કઈ ગેરેજ છે. અને કાશ્મીરી યુવાનોને તે ઉગ્રવાદી હોવાનું જાણવા છતાં આશ્રય આપતો હતો કે કેમ ? બશીર અહેમદ શનિવારે રાત્રે આણંદમાં આ ગેરેજવાળા શખ્સને જ મળવા આવ્યો હોવાનું કહેવાય છે ત્યારે પોલીસે આ ગેરેજવાળા શખ્સની તપાસ આરંભી છે.

**કાશ્મીરનો એક પત્રકાર પણ આણંદમાં આવ્યો હોવાનું બશીરની કબૂલાત : આશ્રય આપનાર ગેરેજવાળાની તલાશ**

બશીર અહેમદ પાસેથી એટીએસને કેટલીક નકકર હકીકતો મળી હોવાનું જાણવા મળેલ છે. બશીર અહેમદ અને ગુલામરસૂલ આણંદ શહેરમાં રેલવે સ્ટેશન અને અમુલ ડેરીની પણ રેકી કરી હોવાનું કહેવાય છે પોલીસે રેલવે સ્ટેશનમાં લગાડેલા કેમેરાઓમાં બશીર અહેમદ ઝડપાયો છે કે કેમ તેની તપાસ માટે રેલવે તંત્રનો સંપર્ક સાધ્યો હોવાનું જાણવા મળેલ છે પરંતુ રેલવે સ્ટેશને લાગેલા કેમેરા બંધ હોઈ તેઓને ચોકકસ માહિતી પ્રાપ્ત થઈ શકી નથી.બશીર અહેમદ અને ગુલામ રસૂલે વડોદરાના રેલવે સ્ટેશન એરપોર્ટ સહિત કેટલાક સ્થળોની પણ મુલાકાત લીધી હોવાનું કહેવાય છે. એટીએસ પોલીસ સોમવારે રાત્રે બશીર અહેમદને લઈને આણંદ, વડોદરા, ડભોઈ ગઈ હતી જયાં બશીર અહેમદે કયા કયા સ્થળની રેકી કરી હતી તે સ્પોટ પર લઈ જઈ પોલીસે તેની સ્પોટ પર જ પૂછપરછ હાથ ધરી હતી.

# પત્નીને મરવા મજબૂર કરનાર નડિયાદના સાસરિયા જેલ હવાલે

(સંવાદદાતા દ્વારા)

નડિયાદ, તા.૧૭

નડિયાદની શિક્ષિકા પત્નીને મરવા મજબૂર કરનાર પતિ સાથે સાસુ-સસરાને પોલીસે જેલ ભેગા કરી દીધા હોવાનું જાણવા મળે છે.આ અંગે મળતી માહિતી મુજબ નડિયાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલ સોસાયટીમાં રહેતા અને વકીલનો વ્યવસાય કરતા મેહુલભાઈ પરમારના લગ્ન મનીષાબેન નામની શિક્ષિકા સાથે થયા હતા. લગ્નના ફળ સ્વરૂપે મનીષાને એક પુત્ર છે. જેની ઉંમર પાંચ વર્ષની છે. મનીષાબેને પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો.

આ બનાવ અંગે મનીષાના પિતાએ પશ્ચિમ પોલીસમાં મનીષાના પતિ મેહુલ પરમાર, સસરા દેવદાસ પરમાર તથા સાસુ ઈન્દીરાબેનના ત્રાસથી આ પગલું ભર્યું હોઈ તેવી ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી આ ત્રણેયની ધરપકડ કરી છે.

## શહેરામાં ચેટીચાંદ પર્વની ધામધૂમથી ઉજવણી

શહેરા, તા.૧૭

શહેરા ખાતે આજરોજ ઝુલેલાલની ભવ્ય શોભાયાત્રા નીકળી હતી જે શહેરાના બજારમાં નીકળી હતી અને શહેરા તળાવમાં વિસર્જન કરાવવામાં આવ્યું હતું. આજરોજ ચેટીચાંદ નિમિત્તે શહેરાના સિંધી સમાજના તમામ બજારો બંધ રહ્યા હતાં. તે અગાઉ બજારોમાં રોશની કરાવવામાં આવી હતી. બપોર પછી ચેટીચાંદનું જુલૂસ ઝુલેલાલ મંદિર પાસેથી નીકળ્યું હતું. જે સિંધી બજાર પટવડી નાદરવા રોડ થઈ શહેરાના તળાવ ખાતે પહોંચ્યું હતું. જયાં પ્રતિમાનું વિસર્જન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ભારતની ૧૫મી વસ્તી ગણતરી કામગીરીનો આણંદમાં ધમધમાટ

આણંદ, તા.૧૭

ભારતની વસ્તી ગણતરી એક સમૃદ્ધ પરંપરા છે અને દુનિયાની સર્વ શ્રેષ્ઠ વસ્તી ગણતરીઓમાંની એક હોવાનું માનવામાં આવે છે. ભારતમાં પ્રથમ વસ્તી ગણતરી ૧૮૭૨માં કરવામાં આવી હતી. ત્યારથી દર દસ વર્ષે વસ્તી ગણતરી થાય છે. ૧૮૭૨થી ભારતની વસ્તી ગણતરી શરૂ થયેલી જે ૨૦૧૧માં અવિરત પંદરમી અને સ્વતંત્રતા પછીની સાતમી વસ્તી ગણતરી છે.

ભારતની વસ્તી ગણતરી ૨૦૧૧નાં પ્રથમ તબક્કાની કામગીરી તા.૨૧/૪/૨૦૧૦થી ૪/૬/૨૦૧૦ દરમ્યાન યોજાનાર છે. આ કામગીરી માટે જિલ્લા કક્ષાએ અધિકારીઓની મિટીંગ અને તાલીમ સેમિનાર મંગળવારે આણંદ ખાતે યોજાયો હતો.

આ પ્રસંગે કલેકટર આર.એન.જોષીએ ૨૦૧૧ની વસ્તી ગણતરી કામગીરી દરમ્યાન આણંદ જિલ્લામાં કોઈપણ ઘર, શેરી કે મહોલ્લો બાકી ન રહી જાય તે જોવા ખાસ કાળજી રાખવા જણાવ્યું હતું.

વસ્તી ગણતરી કચેરીનાં આર.એસ.મીનાએ વસ્તી ગણતરી કામગીરી સંબંધી વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. આ પ્રસંગે પાવર પોઈન્ટ પ્રેઝેન્ટેશન દ્વારા કામગીરીની વિગતો અપાઈ હતી.

આ તાલીમમાં નિવાસી નાયબ કલેકટર એન.જે.માલવીયા, પ્રાંત અધિકાર આર.જી.ચૌધરી સહિત મામલતદાર, ચીફ ઓફિસર અને નાયબ મામલતદારો ઉપસ્થિત રહ્યા હતાં.

## ભીલડી નજીક મુડેકા ગામે દારૂ ઝડપાયો

ડીસા, તા.૧૭

ભીલડી પોલીસે બાતમીના આધારે મુડેકા ગામે રાજુજી પરબતજી રાઠોડને પરપ્રાંતીય દારૂની બોટલ નંગ ૨૪ કિંમત રૂા.૨૪૦૦ અન્ય મુદ્દામાલ રૂા.૧૮૦૦નો મળી કુલ રૂા.૩૪૫૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડેલો. ભીલડી પીએસઆઈ એ.એન.ગવાણીએ જેલ હવાલે કરી રીમાન્ડ પર લીધો હતો. ભીલડી પોલીસની લાલ આંખથી દારૂના ધંધાર્થીઓમાં ફફડાટ મચી ગયો છે.

# અંકલેશ્વરમાં ચાલતા કુટણખાના ઉપર પોલીસ ત્રાટકી : ત્રણ અંદર

અંકલેશ્વર રોશન એપાર્ટમેન્ટના કુટણખાનાનો ઝડપાયેલ દલાલ. (તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

અંકલેશ્વર, તા.૧૭

અંકલેશ્વર જૂના નેશનલ હાઈવે નં.૮ ઉપર આવેલ જી.આઈ.ડી.સી. બસ સ્ટેન્ડ સામે રોશન પાર્ક એપાર્ટમેન્ટમાં કુટણખાનું ચાલતું હોવાની બાતમી ભરૂચ ખાતેના એલ.સી.બી.ને મળતા ત્યાં રેડ કરતા દલાલ, ગ્રાહક અને એક છોકરી ઝડપાઈ જતા ચકચાર મચી જવા પામી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર રોશન પાર્ક એપાર્ટમેન્ટમાં મકાન નં.૨૦માં રહેતા મહંમદ રીયાઝ શેખ આ મકાનમાં કુટણખાનું ચલાવતા હોવાની બાતમી ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચને મળી હતી. જે અંગે ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાંચે એપાર્ટમેન્ટના ૨૦ નંબરના રૂમમાં રેડ કરતાં મહંમદ રિયાઝ શેખ સાથે એક મહેશ નામનો ગ્રાહક તથા ૧૮ વર્ષીય યુવતી મળી આવ્યા હતાં. ભરૂચ એલ.સી.બી.એ. મહંમદ રિયાઝ શેખની પૂછપરછ કરતા તે આ અનૈતિક વેપાર કરવા માટે રૂપલલનાઓ મંગાવતો હતો અને ગ્રાહકોને કુટણખાનાની વ્યવસ્થા કરી આપતો હતો. સ્થળપરથી અનૈતિક સાધનો તથા કોરસા કાર કબજે લેવાઈ હતી. ત્રણેયની અટકાયત કરી જી.આઈ.ડી.સી. પોલીસને હવાલે કર્યા હતાં.

### તા. ૩૧માર્ચે એક દિવસીય દેશવ્યાપી હડતાલનું એલાન

# એલ.આઈ.સી.કર્મીઓના આંદોલનથી ગોધરાના વીમાધારકો પરેશાન

(સંવાદદાતા દ્વારા)

ગોધરા, તા.૧૭

જીવન વીમાનિગમ ગોધરા શાખાના કર્મચારીઓ પોતાના પગાર વધારાની માંગણીના ટેકામાં વર્ક ટુ રૂલ મુજબ કામ કરતા માર્ચ મહિનામાં પોલીસીહોલ્ડરો તથા ટેક્ષ રીફંડ માટે નવો ધંધો લેનાર ને મુશ્કેલીનો સામનો કરવો પડી રહયો છે જેનાથી પોલીસીહોલ્ડરોમાં ભારે રોષની લાગણી ફેલાયેલ જોવા મળે છે.

હાલ એલ.આઈ.સી. કર્મચારી યુનીયનના ચાલી રહેલ આંદોલનને કારણે પોલીસીહોલ્ડરોને ભારે મુશ્કેલીઓ પડી રહી હોવાની બુમો સાંભળવા મળી રહી છે. કેશ કાઉન્ટર ઉપર લાંબી લાઈનો જોવા મળે છે. ભૂતકાળમાં કેશની લાઈનો દૂર કરવા કેબીન બહાર પણ માણસો બેસાડવામાં આવતા હતા. પરંતુ માર્ચ મહિનામાં તે બેસાડવામાં આવતા નથી. નવો ધંધો લઈ આવેલ એજન્ટોને પણ મુશ્કેલી પડી રહી હોવાનું જાણવા મળે છે. આ અંગે ગોધરા શાખાના તથા ગુજરાતના યુનીયનના સંગઠન મંત્રી ધવલ સોનીએ જણાવ્યું હતું કે પગારવધારાની અમારી માંગણી મેનેજમેન્ટ સ્વીકારતી નથી જેના કારણે જોઈન્ટ ફ્રન્ટના આદેશ અનુસાર સમગ્ર ભારતભરમાં નિયમ મુજબ કામ કરવાનો આદેશ આપવામાં આવેલ છે. તે મુજબ કર્મચારીઓ કામ કરી રહયા છે. પોલીસી હોલ્ડરોને તકલીફ ન પડે તે માટે અમો સજાગ છીએ પરંતુ કેશનો સમય પૂર્ણ થયા બાદ અમો નાણા સ્વીકારી શકતા નથી. યુનીયનના આદેશ અનુસાર તા.૩૧મી માર્ચના રોજ એક દિવસની દેશવ્યાપી હડતાલ છે. જેમાં સમગ્ર વર્ગ ૩ તથા ૪ના જોઈન્ટ ફ્રન્ટના કર્મચારીઓ જોડાનાર છે.

# સાયલાના કાશીપરાની સીમમાં કોઈ શખ્સની હત્યા કરી લાશ સળગાવાઈ

વઢવાણ,તા.૧૭

સાયલાના કાશીપરા સીમ તરફ અજાણ્યા યુવાનની ઘાતકી હત્યા કરી લાશને સીમ ખેતરના બાવળીયામાં સળગાવી દેવાતા ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી મુજબ સાયલાથી ૩ કિ.મી.ની અંતરે કાશીપરા ગામ તરફથી સીમમાં ખેતરના સેઢે ૨૪ વર્ષીય અજાણ્યા યુવાનની લાશ બળેલી હાલતમાં હોવાની જાણ પોલીસને થઈ હતી. ત્યારે પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. જેમાં ડી.વાય.એસ.પી. બારૈયા, સી.પી.આઈ. બી.વી. પરમાર, પી.એસ.આઈ. દેસાઈ તથા બ્રહ્મભટ્ટે કરેલી પ્રાથમિક તપાસમાં યુવાનની ઘાતકી હત્યા કરી ત્યારબાદ લાશને જલદ પ્રવાહીથી સળગાવી હોવાનું બહાર આવ્યું છે. જેના લીધે પોલીસે એફ.એસ.એલ. તેમજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રની ડોકટરી ટીમને બોલાવી તપાસનો દોર શરૂ કર્યો છે. પરંતુ યુવાનની લાશ સંપૂર્ણ બળી ગયેલ હાલતમાં હોવાથી લાશની ઓળખ થઈ શકી ન હતી.

આ અંગે પી.એસ.આઈ. એ.એમ. દેસાઈએ વધુ તપાસ કરતા લાશ ઉપર લાલ કલરનો એક એમ્બ્રોડરીવાળો શર્ટનો ટુકડો, ગંજીનો ટુકડો, બળેલા ગોદડાના ટુકડા વગેરેને આધારે ઘાતકી હત્યા કરી હોવાનું અનુમાન વ્યક્ત કર્યું હતું. જ્યારે સાયલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના અધિકારીએ લાશને પી.એમ. માટે રાજકોટ મેડિકલ કોલેજ ખાતે મોકલી હતી. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### હોસ્પિટલ સામે વળતરનો દાવો માંડશે

# તબીબોની બેદરકારીના કારણે પોતાના પુત્રનું મોત નિયજયાનો માતાનો આક્ષેપ

રાજકોટ તા. ૧૭

શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલ એક હોસ્પિટલના બે તબીબોની બેદરકારીનાં કારણે યુવાન પુત્ર ગુમાવેલ હોવાનું ચંદ્રીકાબેન નરેન્દ્રભાઈ સોમમાણેક (રહે. પરસાણાનગર મેઈન રોડ બી/૬ના એપાર્ટમેન્ટ) એ ચોધાર આસુએ રડતા જણાવી ઉમેર્યું હતું કે, આ બન્ને તબીબો સામે વળતરનો દાવો મંડાશે.

ચંદ્રીકાબેન નરેન્દ્રભાઈ સોમમાણેકે જણાવ્યું હતું કે, તેઓનાં પુત્ર સાગર (ઉ.વ.૨૩)ને સ્વાઈન ફ્લુની બીમારી સબબ ગત તા. ૬ જાન્યુ.૨૦૧૦ના રોજ રાજકોટની સરકારી હોસ્પિટલમાં દખલ કરાયેલ હતો જ્યા દશ દિવસની સારવાર અપાયા બાદ તેની તબીયત સારી થતા સાગરને તા. ૧૫-૧ના રોજ ઉકત હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તા. ૨૪-૧ના રોજ સાગરની સારવારમાં તબીબોએ રાખેલી બેદરકારી અને તબીબોની અણઆવડતાના કારણે સાગરું મોત થયેલ હતું. ચંદ્રીકાબેને ઉપરોક્ત બન્ને તબીબો સામે એવો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે,પુત્રને આઈ.સી.યુ.માં વેન્ટીલેટર પર ખ્યો હતો તબીબો દ્વારા અપાતી સારવારની પણ તેઓને જાણકારી અપાતી ન હતી.

### પાંડેસરાના કૈલાશનગર મેઈન રોડ પર

# રૂા.૧૩.૭૯ લાખના પ્લા.ના દાણા ભરેલ ટ્રકની થયેલી ઉઠાંતરી

(સંવાદદાતા દ્વારા)

સુરત.તા.૧૭

પાંડેસરાના કૈલાશનગર મેઈન રોડ પર પાર્ક કરેલ ટ્રકની કોઇ અજાણ્યા ચોર ઈસમે ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ચોરી કરી નાસી ગયો હતો.

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર અડાજણના ખોડીયાર નગરના ઘર નં.બી-૨૫માં રહેતા પુરણસિંગ હનુમાનસિંગ ગુર્જરે ગત તા.૧૫-૩-૨૦૧૦ના રાત્રે સાડા અગિયારથી ૧૬-૩-૨૦૧૦ના મળસ્કે અઢી વાગ્યાના સમય ગાળા દરમિયાન ઘર નજીક ટ્રક (નં.એ પી-૧૧-એ કસ-૩૪૦૨) ઉભી રાખી હતી. કોઇ અજાણ્યો ચોર ઈસમ ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલીને ટ્રકની ચોરી કરી નાસી ગયો હતો. ટ્રુંકમાં પ્લાસ્ટીકના દાણા ૧૬ હજાર કિલો કિંમત રુ.૧૩.૭૯ લાખ અને ટ્રકની કિંમત રુ.૧૦ લાખ મળી કુલ્લે ૨૩.૭૯ લાખની મત્તાની ચોરી અંગે પાંડેસરા પોલીસ મથકે પુરણસિંગે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વિધાનસભામાં માંગ કરતા ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખ

# સરકારી તથા અર્ધસરકારી હૉસ્પિટલોમાં ગરીબ દર્દીઓને નિઃશુલ્ક સારવાર આપો

**પૈસાના અભાવે સારવાર ન મળતા વી.એસ.માં ગરીબ ઈસમ મોતને ભેટયો હતો**

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર,તા.૧૭

વિધાનસભામાં આરોગ્ય વિભાગની ચર્ચામાં ભાગ લેતા કોંગ્રેસના અમદાવાદ શાહપુરના ધારાસભ્ય ગ્યાસુદ્દીન શેખે માગણી કરી હતી કે રાજ્યની સરકારી તથા સ્થાનિક સ્વરાજ્યના સંસ્થાઓ સંચાલિત હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓને વિના મૂલ્યે સારવાર આપવી જોઈએ. જેના પ્રત્યુત્તરમાં આરોગ્યમંત્રી એ સૂચનને ગંભીરતાથી લઈ સરકાર આ દિશામાં વિચારણા કરશે તેમ જણાવ્યું હતું.

બજેટસત્રમાં આરોગ્ય વિભાગની માગણીઓ ઉપરની ચર્ચામાં લાગ લેતા ગ્યાસુદ્દીન શેખે અમદાવાદની વી.એસ. હોસ્પિટલમાં પૈસાના અભાવે સારવાર નહી મળતા હાર્ટ એટેકના એક ગરીબ દર્દીનું મોત થયું હોવાનો ચોંકાવનારો કિસ્સો રજુ કરતા ગૃહમાં સોંપો પડી ગયો હતો.

શેખે જણાવ્યું હતું કે ૧૦મી માર્ચના રોજ સવારે જૈરૂદ્દીન નામના એક ઈસમને એટેક આવ્યો પૈસાના અભાવે તેને તાત્કાલિક કોઈ દવાખાને લઈ ન જવાયો. અમદાવાદ મ્યુ. કોર્પોરેશન સંચાલિત વી.એસ. હોસ્પિટલમાં લઈ ગયા ત્યાં સુધીમાં ઘણું મોડું થઈ ચુકયું હતું અને તે ગરીબ માણસ પૈસાના અભાવે મોતને ભેટયો હતો.

પૈસાના અભાવે અન્ય કોઈ ગરીબ વ્યકિતઓ મોતને ન ભેટે તે માટે રાજ્ય સરકારે સરકારી અને સ્થાનિક સ્વરાજ્યની હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓને નિઃશુલ્ક સારવાર મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવા માગ કરી હતી.

વેદો અને શાસ્ત્રોને ટાંકીને ધારાસભ્ય શેખે જણાવ્યું હતું કે રાજ્ય સત્તાએ જ્યાં જરૂર હોય ત્યાં દર્દીને મફત સારવાર આપવી જોઈએ. હૃદયરોગના દર્દીઓ હોસ્પિટલમાં આવે ત્યારે તેઓની તબીયત સ્થિર થાય ત્યાં સુધી પ્રાથમિક સારવાર આપી તેનો જીવ બચાવવો જોઈએ. ગ્યાસુદ્દીન શેખે વર્તમાન શાસકોને પોતાના આગવા અંદાજમાં માનવતાનો પાઠ શીખવાડતા મહંમદ પયગમ્બર સાહેબ અને તેઓના અનુગામી શાસકના વહીવટનો એક કિસ્સો ટાંકતા જણાવ્યું હતું કે હઝરત ઉમર ફારૂક (રદી.)ના શાસનમાં પુરની પરિસ્થિતિ સર્જાઈ હતી. તેમના કર્મચારીઓએ કરેલી વ્યવસ્થાના ભાગરૂપે કોઈ વ્યકિતનો જીવ ન ગયો અને બધુ સમુસુતરૂ પાર પડયું પરંતુ એક કૂતરાનું મોત થયું. તેનાથી તેઓ ઘણા દુઃખી થયા અને આ કૂતરાના મોત માટે તેઓ કુદરતને શું જવાબ આપશે તે મુદ્દે ચિંતિત બન્યા હતા. ગ્યાસુદ્દીન શેખનું કહેવાનું તાત્પર્ય એ હતું કે તે સમયના શાસકો જો કૂતરા જેવા પશુના મોત માટે પણ દુઃખી થઈ શકતા હોય તો અહી તો સારવારના અભાવે માણસો મૃત્યુ પામે છે તેની ચિંતા થવી જોઈએ અને આવા બનાવો બનતા અટકે તે માટે પગલા લેવાવા જોઈએ અંતમાં આરોગ્ય મંત્રી જયનારાયણ વ્યાસે પોતાના જવાબમાં આ સૂચનને આવકારતા જણાવ્યું હતું કે, અમદાવાદની યુ.એન.મહેતા કાર્ડિયાક હોસ્પિટલમાં આવા દર્દીઓને સારવાર આપવાની વ્યવસ્થા શરૂ કરાયેલ છે. અન્ય હોસ્પિટલોમાં શરૂ કરવા પણ સરકાર વિચારણા કરશે.

## રાજ્યની રાજકીય ચહેલપહેલ

### જામનગર કોંગ્રેસના પ્રમુખ તરીકે વરણી

જામનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલના અવસાન પછી દોઢ વર્ષથી ખાલી પડેલી જગ્યા ઉપર પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ સિધ્ધાર્થ પટેલે જિલ્લાના સહકારી ક્ષેત્રના અગ્રણી અને અનેકવિધ સંસ્થાઓ સાથે સંકળાયેલા માર્કેટ યાર્ડ-જામનગરના પૂર્વ ચેરમેન હસમુખભાઈ વિરમગામીની જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખપદ માટે નિમણૂંક કરવામાં આવી છે. સાથો-સાથ જિલ્લામાં યુવા નેતાગીરી મારફતે પક્ષને વધુ મજબૂત બનાવવા કાર્યકારી પ્રમુખ તરીકે રાજપૂત સમાજના અગ્રણી, જિલ્લા પંચાયતની વાડીનાર બેઠકના સદસ્ય ધર્મેન્દ્રસિંહ(હકુભા) જાડેજાની નિમણૂંક પર મંજૂરીની મહોર મારી છે.

# વાંકાનેર નજીક ટ્રેનમાંથી પડી જતાં યુવાનને ગંભીર ઈજા

વાંકાનેર,તા.૧૭

વાંકાનેર-થાનગઢ નજીક જમ્મુતાવી ટ્રેનમાંથી પડી જતા પરપ્રાંતીય યુવાનને ગંભીર હાલતમાં રાજકોટ સિવિલમાં ખસેડાયેલ છે. મળતી વિગત મુજબ મૂળ યુ.પી. (ઉત્તર પ્રદેશ)ના ઈટાવા ગામે રહેતા દિપુભાઈ સુરેન્દ્રભાઈ (ઉ.વ.૧૭) ગત રાત્રિના ૧૦ વાગ્યાના સુમારે જમ્મુ તરફથી આવતી જમ્મુતાવી ટ્રેનમાં ચાલુ ગાડીએ દરવાજામાંથી નીચે પડતા માથાના ભાગે ગંભીર ઈજા થતા પ્રથમ વાંકાનેર હોસ્પિટલ બાદમાં વધુ સારવાર અર્થે રાજકોટ સિવિલમાં મોકલાયેલ છે.

ઈજાગ્રસ્ત યુવાન જેતપુર પોતાના બનેવીના ઘેર જતો હોય રસ્તામાં જ ટ્રેનમાંથી પડી ગયો હોવાનું જાણવા મળેલ છે.

# જોડીયાના ભીમકટા ગામની સગીર યુવતીનું અપહરણ

જામનગર,તા.૧૭

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના ભીમકટા ગામની સગીરાનું ગામમાં જ રહેતો રિક્ષા ચાલક લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી લઈ ગયાની આજે જોડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

અપહરણના આ બનાવની વિગત અનુસાર જોડિયા તાલુકાના ભીમકટા ગામે રહેતા પાલાભાઈ લખમણભાઈ ચમારની ૧૬ વર્ષની પુત્રી મોરબી રોડ પર આવેલી ઘડીયાળની કંપનીમાં મજૂરી કામ કરતી હોવાથી પાડોશમાં રહેતા જગદીશ દેવકરણ નામના યુવાનની રિક્ષામાં આવતી જતી હતી. દરમ્યાન બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાઈ ગયો હતો. આ દરમ્યાન ત્રણ દિવસ પહેલા સગીરા સવારે કારખાને જવા માટે જગદીશની રિક્ષામાં બેસીને ગઈ હતી. જગદીશ સગીરાને લગ્નની લાલચ આપી પોતાની સાથે લઈ જઈ ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે સગીરાના પિતા પાલાભાઈએ પોતાની પુત્રીનું અપહરણ કરી લઈ જવા અંગે જગદીશ સામે જોડિયા પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

### પાંડેસરાની ફેકટરીમાં કામ કરતો

# એન્જિનિયર દસ્તાવેજો, મશીનરી ડિઝાઈન સીડી, રોકડા લઈ ફરાર

સુરત.તા.૧૭

પાંડેસરા જીઆઈડીસી વિસ્તારમાં આવેલી સેરોટેક્ષ એન્જિનિયરીંગ વર્કસમાં કામકરતો એન્જિનિયર જ ઓફિસમાંથી મશીનની ડિઝાઈન,નકશો,સીડી અને રોકડા રુ.૮હજારની ચોરી કરી નાસી ગયો હતો.

પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર વેડરોડના શિવાજી પાર્ક ગાર્ડનની સામે આવેલા ખુશનુમા રેસીડેન્સી ખાતે રહેતા મનોહરલાલ રેશરદેવ સૈન્ની પાંડેસરા જીઆઈડીસીમાં સેરોટેક્ષ એન્જિનિયરીંગ વર્કસની ઓફિસ ધરાવે છે. આ ઓફિસમાં કુસેન્દ્ર દિલીપસિંગ પટેલ (રહે.ઘર નં.૧૧, બાપાસીતારામ સોસાયટી સચીન) એન્જિનિયર તરીકે નોકરી કરતો હતો. ગત તા.૩૦-૧-૨૦૧૦ના રોજ કુસેન્દ્રએ કારખાનાની ઓફિસમાંથી કોઇ પણ પ્રકારની જાણ કર્યા વગર ફેકટરીને લગતા જરુરી દસ્તાવેજો, મશીનરી ડીઝાઈન નકશા સીડી અને રોકડા રુ.૮હજારની ચોરી કરી નાસી ગયો હતો. આ બનાવ અંગે મનોહરલાલ સેનીને જાણ થતાં તેમણે કુસેન્દ્રની શોધખોળ હાથ ધરી હતી. પરંતુ કોઇ ભાળ ન મળતા ગત રોજ બપોરે પાંડેસરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

### સુરતના બોંબકાડમાં વોન્ટેડ

# હનીફ ટાઈગરની પૂછપરછ માટે ડીસીપી ત્રિવેદી યુ.કે.જશે

સુરત.તા.૧૭

સુરતમાં વર્ષ ૧૯૯૩માં થયેલા બોમ્બકાંડમાં વોન્ટેડ હનીફ ટાઈગરની પુછતાછ માટે ડીસીપી (ક્રાઈમ) સુભાષ ત્રિવેદી, પીએસઆઈ સરવૈયા,અને રાઠોડ યુ.કે.જનાર હોવાનું જાણવા મળે છે.વર્ષ૧૯૯૩માં સુરતના રેલવે સ્ટેશન અને વરાછામાં થયેલ બોમ્બ ધડાકા પ્રકરણમાં આજે પણ સુરત પોલીસના ચોપડે આરોપી હનીફ ટાઈગર વોન્ટેડ છે. દરમિયાન બ્રિટન ખાતે હનીફ ટાઈગરની ધરપકડ થતાં સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે કોર્ટમાંથી ટ્રાન્સફર વોરંટ કઢાવી પ્રત્યારોપણ સંધી હેઠળ આરોપી હનીફ ટાઈગરને ભારતમાં લાવવા માટે સીબીઆઈને આ ટ્રાન્સફર વોરંટ જમા કરાવવામાં આવ્યું હતું.યુ.કે.માં પકડાયેલા આરોપી હનીફ ટાઈગરની પુછપરછ માટે ડીસીપી (ક્રાઈમ) સુભાષ ત્રિવેદીએ ત્યાં જવા માટે રાજ્ય સરકારની મંજુરી માંગી હતી.સુત્રોના જણાવ્યા મુજબ રાજ્ય સરકારે સુરત પોલીસને આ માટે મંજુરી આપી હોવાય ડીસીપી (ક્રાઈમ) સુભાષ ત્રિવેદી, પીએસઆઈ રાઠોડ,તથા સરવૈયાએ વિદેશ જવાની તૈયારી આરંભી દીધી હોવાનું જાણવા મળે છે.

# પરિણીતા રોકડ તથા દાગીના લઈ પ્રેમી સાથે ભાગી ગયાની ફરિયાદ

સુરત.તા.૧૭

પુણા સીમાડા રોડ ઉપર પ્રમુખ છાયા સોસાયટીમાં રહીતે પરિણીતા ઘરમાંથી રોકડા રુ.૭૦ હજાર તેમજ સોનાના દાગીના લઈ પ્રમી સાથે ભાગી ગયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાવા પામી છે.

પોલીસ સુત્રો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર પુણા સીમાડા રોડ ઉપરની પ્રમુખ છાયા સોસાયટીમાં રહેતા રાજુ વિઠ્ઠલ સુહાગીયાએ,અમરેલીના બાબરા તાલુકાના નવાણીયા ગામમાં રહેતા મયુરભાઈ મનજી કકાણી અને ભાભી શિલ્પાબેન કિશોર સુહાગીયા વિરુધ્ધ કાપોદ્રા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી,જેમાં તેને શિલ્પાબેનના કિશોરભાઈ સાથે લગ્ન થયા હોવાની જાણ છતાં પણ મયુર કકાણીએ ગુનાહિત ઈરાદાથી શિલ્પાબેનને લલચાવી ફોસલાવી હતી. ગત તા.૧૫-૩-૨૦૧૦ના રોજ શિલ્પાબેન ઘરમાંથી રોકડા રુ.૭૦ હજાર તેમજ સોનાના દાગીનાની ચોરી કરી મયુર કકાણી સાથે નાસી ગઈ હતી. મયુર કકાણી બદ ઈરાદે પરિણીતા શિલ્પાને વતનમાં લઈ ગયાની આશંકાને પગલે પીએસઆઈ બી.આર. હળપતિએ વધુ તપાસ હાથ ધરી છે.

### ઘનકચરાનો વ્યવસ્થિત નિકાલ ન થતો હોવાની ફરિયાદો વચ્ચે

# જામપાના કોન્ટ્રાકટરોએ વીજળીક હડતાળ પાડી તંત્રનું નાક દબાવ્યું

જામનગર, તા.૧૭

જામનગરમાંથી ઘન કચરાનો વ્યવસ્થિત નિકાલ થતો ન હોવાની વ્યાપક ફરિયાદો વચ્ચે આજે અચાનક જ જામપાના કોન્ટ્રાકટરોએ કચરો ઉપાડવાનું બંધ કરી દઈ જામપાનું નાક દબાવવાનું શરૂ કરતા સફાઈના મુદ્દે અંધાધુંધી ફેલાઈ ગઈ હતી. બપોરે અધિકારીઓ અને પદાધિકારીઓની સમજાવટ પછી પ્રશ્ન ઉકેલાયો હતો.

શહેરભરમાંથી ઘન કચરાનો નિયમિત વ્યવસ્થિત રીતે નિકાલ થતો ન હોવાની બુમરાણ મચી છે અને છેલ્લા એક સપ્તાહથી આ અંગેની અનેક ફરિયાદો તંત્ર તેમજ પ્રસાર માધ્યમો સુધી પહોંચી છે. જેના અનુસંધાન તંત્રએ આળશ ખંખેરી આ પ્રશ્ન હાથ ઉપર લેતા જ સફાઈ કોન્ટ્રાકટરોએ વળતો ઘા કરી તંત્રનું નાક દબાવવાનું શરૂ કરી આજે સવારથી અચાનક જ શહેરભરમાંથી કચરો ઉપાડવાની કામગીરી બંધ કરી દઈ હડતાલ પાડી દીધી હતી. જામપા દ્વારા થતી ઝીરો ગાર્બેજની કામગીરી વ્યાપકપણે ગોલમાલ થતી હોવાની હકીકતો પ્રકાશમાં આવ્યા પછી વિપક્ષી નેતા સહિતના અગ્રણીઓએ ઝીરો ગાર્બેજના અડધો ડઝન પોઈન્ટ ઉપર તપાસણી કરતા કચરાના નિકાલના ટ્રેકટરો, ટેમ્પા, રિક્ષા છકડાવાળાઓને અધિકારીઓની હાજરીમાં ગેરરીતિ કરતા ઝડપી પાડયા હતા. આ ગેરરીતિમાં કેટલાક અધિકારીઓ અને નગરસેવકોની મેળમિલાપની શંકા કુશંકાઓ અંગે કમિશનરને પુરાવાઓ સાથે જાણ કરવામાં આવતા તંત્ર ચોંકી ઉઠયું હતું અને સંબંધિતો સામે કડક શિક્ષાત્મક કાર્યવાહીના ચક્રો ગતિમાન થયા હતા. તેના જવાબમા કચરો ઉપાડતા કોન્ટ્રાકટરોએ તેમના બાકી રહેતા બિલના તત્કાલ ચુકવણાની માંગણી સાથે આજે ચેટીચંદના તહેરવારના દિવસે જ સવારથી કામગીરી ઠપ્પ કરી દઈ હડતાલ પાડી દઈ તંત્રનું નાક દબાવ્યું હતું. કરતુતના પગલે રજા હોવા છતાં કમિશનર સહિતના અધિકારીઓ જામપામાં દોડી ગયા હતા અને પદાધિકારીઓની ઉપસ્થિતિમાં સફાઈ કોન્ટ્રાકટરો સાથે લાંબી બેઠક યોજી હતી. ત્યારબાદ બપોર પછીથી હડતાલ સમટાઈ હતી અને ઘન કચરો ઉપાડવાનું શરૂ કરાયું હતું.

### ટીવાયબીકોમના એકાઉન્ટના પ્રશ્નપત્રમાં

# ગુણોત્તર વિશ્લેષણના ચેપ્ટરમાંથી પ્રશ્ન પૂછાતા વિદ્યાર્થીઓમાં રોષ

(સંવાદદાતા દ્વારા)

સુરત.તા.૧૭

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિ.હસ્તકની કોલેજોમાં હાલમાં પરીક્ષાઓ ચાલી રહી છે.ત્યારે ગત રોજ ટીવાયબીકોમના એકાઉન્ટના પ્રશ્નપત્રમાં થયેલા છબરડાને કારણે ભીંસમાં મુકાયેલા વિદ્યાર્થીઓએ પરિક્ષા પછી કે.પી.કોમર્સ કોલેજના કેમ્પસમાં પ્રશ્નપત્રની હોળી કરીને વિરોધ વ્યક્ત કર્યો હતો.સુત્રોના જણાવ્યા મુજબ ગઇકાલે એકાઉન્ટના પ્રશ્નપત્રમાં ચોથો પ્રશ્ન માસ્ટર ઓફ કોમર્સ (એમ.કોમ.)નો હતો એમ ધુંધવાયેલા વિદ્યાર્થીઓએ આક્રોશપુર્વક જણાવ્યું હતું.જેથી રોષે ભરાયેલા વિદ્યાર્થીઓએ ગઇકાલે દોઢ વાગ્યાના અરસામાં અઠવાલાઈન્સ સ્થિતી કે.પી.કોમર્સ કોલેજના કેમ્પસની અંદર જ પ્રશ્નપત્રની હોળી કરીને વિરોધ વ્યક્ત કર્યો હતો. વિદ્યાર્થીઓએ આક્રોશપુર્વક જણાવ્યું હતું કે એકાઉન્ટના પેપરમાં ચોથો પ્રશ્ન ગુણોત્તર વિશ્લેષણ ચેપ્ટરમાંથી પુછાયો હતો. આ ચેપ્ટર ચાલુ વર્ષે સિલેબસમાંથી કાઢી નાંખવામાં આવ્યું હોવા છતાં પેપરમાં ૨૪ માર્કનું પ્રશ્ન પુછવામાં આવ્યું હતું. જેને લીધે વિદ્યાર્થીઓ ભીંસમાં મુકાઇ ગયા હતા.મોટાભાગના વિદ્યાર્થીઓને નાપાસ થવાની દહેશત હોવા છતા યુનિવર્સીટી તરફથી કોઇ આશ્વાસન આપવામાં આવ્યું નથી. આ સંદર્ભે કે.પી.કોમર્સ કોલેજના આચાર્ય યુ.ટી.દેસાઈએ જણાવ્યું હતું કે ચોથો પ્રશ્ન સીલેબસના આધારે જ પુછવામાં આવ્યો છે જો કે તેમણે સ્વીકાર્યું હતું કે ગુણોત્તર વિશ્લેષણના ચેપ્ટરનું એમ.કોમ.ના સિલેબસમાં સમાવેશ કરાયો છે.

# કોસંબાની તકલાદી ફાટક તૂટતાં બે કલાક વાહનવ્યવહાર ઠપ

કીમ, તા.૧૭

કોસંબાની વાપીથી વડોદરા વચ્ચે રેલવે ફાટકના તકલાદીપણાનો ભોગ મોટર બાઈક સવાર બનતા નાની-મોટી ઈજા સાથે કોસંબાની હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર અપાઈ હતી. જમીનદોસ્ત થઈ ગયેલ ફાટકના પગલે બંને તરફનો વાહન વ્યવહાર બે કલાક સુધી બંધ રહેતા ભારે અંધાધૂંધી ફેલાઈ જવા પામી હતી, જ્યારે અપલાઈનનો રેલ-વ્યવહાર ધીમી ગતિએ ચાલુ રખાયો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર આજે બપોરે બે વાગ્યાના અરસામાં કોસંબાની ૧૬૦-બી રેલવે ફાટક વાહન ચાલકો માટે શીરદર્દ સાથે માનસિક રીતે પણ યાતનામય બની ગઈ હતી. તેમાં(પૂર્વ) સાઈડની તકલાદી ફાટકનો કેબલ જોઈન્ટ આકસ્મિકરીતે તૂટી જતાં ત્યાંથી પસાર થતા મોટર બાઈક સવાર ઉપર પડી હતી. ફાટક પડવાની ઘટનાને લઈને ઈજાગ્રસ્ત પામેલ ઊટીયાદરા ગામના જશુબેન સૂરેશ વસાવા અને ગોમાન ભીખા રાઠોડને નાની-મોટી ઈજા થવા પામી હતી. ફાટક તૂટી પડવાની ઘટનાને લઈને અપલાઈનની ટ્રેનોને યલો સિંગ્નલ આપી ધીમી ગતિએ પસાર કરવામાં આવી હતી. વચ્ચોવચ જમીનદોસ્ત થઈ ગયેલ તકલાદી ફાટકને લઈને બંને તરફનો વાહન વ્યવહાર બે કલાક સુધી બંધ રહેતા ધોમધખતા તાપમાં વાહનચાલકો ભારે હેરાન થયા હતા.

રેલવે ફાટકના તકલાદીપણાનો ભોગ છાશવારે કીમ કોસંબા સાયણ વિસ્તારના વાહનચાલકોએ બનવું પડતું હોવાથી ચાલકોમાં છુપા રોષની લાગણી પ્રવતી રહી છે.

# શેઠવડાળાની ૭ પવનચક્કીમાંથી રૂા. દોઢ લાખના વાયરોની ચોરી

જામનગર, તા.૧૭

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના શેઠવડાળા ગામે આવેલ એનારકોન કંપનીની જુદી-જુદી સાત પવનચક્કીમાંથી રૂા.૧.૫૧ લાખની કિંમતના ૫૦૪ મીટર કોપર વાયરની ચોરી કરી લઈ જવા અંગે અજાણ્યા શખ્સો સામે આજે શેઠવડાળા પોલીસમાં ફરિયાદ નોંધાવાઈ છે.

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના શેઠવડાળા ગામે આવેલ એનારકોન કંપનીની જુદી-જુદી સાત પવનચક્કીના બારણા તોડી તસ્કરોએ અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરોએ પવનચક્કીના અંદર અર્થિંગ માટે ફીટ કરવામાં આવેલ ૧૫૦ એમએમના ૫૦૪ મીટરના કોપર વાયરની ચોરી કરી લઈ ગયા હતા. આ બનાવ અંગે કંપનીના પ્રિતેશ કનૈયાલાલ ભટ્ટે રૂા. ૧,૫૧,૨૦૦ની કિંમતના કોપર વાયરની ચોરી કરી લઈ જવા અંગે અજાણ્યા શખ્સો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ભાવનગર નજીક ટાણા ગામે

# વન વિભાગના ઘાસના ગોડાઉનમાં આગ લાગતા હજારો ટન ઘાસ ખાખ

ભાવનગર, તા.૧૭

ભાવનગર નજીકના સિહોર તાલુકાના ટાણા ગામે આવેલ વન વિભાગના ઘાસના ગોડાઉનમાં આજરોજ સાંજના ૪ કલાકના સુમારે કોઈ કારણોસર આગ ભભુકી ઉઠતા હજારો ટન સુકુ ઘાસ બળીને રાખ થઈ ગયું હતું.

સિહોર તાલુકાના ટાણા ગામે આવેલા વન વિભાગના ઘાસના ગોડાઉનમાં આગ લાગી જતા, હજારો ટન સુકુ ઘાસ સળગી ઉઠયું હતું, ઘાસ સળગતા ધુમાડા અને આગના ગોટે-ગોટા ઉઠવા પામ્યા હતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતા લોકોના ટોળા ઉમટી પડયા હતા અને બનાવની જાણ કરતા ભાવનગર શહેર ફાયર બ્રિગેડ દ્વારા પાણીના બંબા મોકલવામાં આવ્યા હતા. ફાયર બ્રિગેડના સ્ટાફે આગને કાબુમાં લીધી હતી હજારો ટન ઘાસ સળગી ગયું હોવાનું જાણવા મળેલ છે અને નુકસાનીનો આંક મોટો હોવાનું પણ જાણવા મળેલ છે.

# અગ્નિસ્નાન કરનાર મહિલાનું અંતે મોત

રાજકોટ તા. ૧૭

મવડી પ્લોટના ઉદયનગરમાં પુલ પાસે રહેતા કડીયા પટેલ મહિલાએ ચાર દિવસ પહેલા બિમારીથી કંટાળી અગ્નિસ્નાન કરી લીધું હતું. તેનું સારવાર દરમ્યાન મોત નિપજ્યું છે.આ બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ મવડી પ્લોટના ઉદયનગરમાં પુલ પાસે રહેતાં શારદાબેન ભગવાનજીભાઈ ફડચા (ઉ.વ.૫૫) નામના મહિલાએ તા. ૧૩ના રોજ શરીરે કેરોસીન રેડી કાંડ ચાંપી લેતાં ગંભીર રીતે દાઝી ગયા હતાં. માલવીયાનગરના હેડ કોન્સ. લખુભાઈ ગીડા અને રાઈટર અજયસિંહ ચુડાસમાની તપાસમાં ખુલ્યા મુજબ બિમારીથી કંટાળીને તેમણે આ પગલું ભર્યુ હતું. સંતાનમાં એક પુત્ર છે.